Extra No. 87

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] MONDAY, MARCH 23, 2026 / CHAITRA 2, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

(૧) અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર નં.મઉમશબ/ગુજકેટ-૨૦૨૬/૧૭૮૨-૧૮૧૪, તા. ૧૨/૦૩/૨૦૨૬

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩

જાહેરનામું

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૪૦૨૬ થી ૪૦૮૯/૨૦૨૬.-સંદર્ભ ૧ ના પત્રની વિગતોએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર વિજ્ઞાનપ્રવાહ પરીક્ષા બાદ ડિગ્રી એન્જિનિયરીંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી આભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ) તા.૨૯/૦૩/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૦૦ કલાક થી બપોરના ૧૭:૦૦ કલાક દરમિયાન જિલ્લા મથકે યોજાનાર છે. સદરહું પરીક્ષા દરમિયાન પરીક્ષા સ્થળની આસપાસ પરીક્ષાર્થીઓ સિવાય અન્ય વ્યક્તિઓ બિનજરૂરી ભેગી ન થાય, પરીક્ષા સ્થળોની૧૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષા દરમિયાન ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા તેમજ પરીક્ષા સમયે પરીક્ષા સ્થળોની આસપાસના વિસ્તારમાં લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવવા માટે ભારતીય નાગરિક સુરક્ષાસંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જરૂરી જાહેરનામા પ્રસિદ્ધ કરવા સુનિશ્ચિત કરવા જણાવેલ છે. જે અન્વયે ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ) પરીક્ષા સમય દરમિયાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું હિરેન ચૌહાણ (GAS), **અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ**, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ - ૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, સદર પરીક્ષા સમય દરમિયાન તથા પરીક્ષા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પાટણ જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની અંદર તથા તેની સીમાથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇપણ વ્યક્તિ પરીક્ષા સમય દરમિયાન મોબાઈલ/ સેલ્યુલર / ફોન / પેજર/કોર્ડલેસ ફોન/સ્માર્ટ વોચ/ટેબલેટ જેવા ઇલેક્ટ્રોનિક ઉપકરણો સાથે લઈ જઈ શકશે નહી. પરીક્ષા સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રોના વિસ્તારમાં પરીક્ષા સાથે પ્રત્યક્ષપણે સંકળાયેલા હોય તે સિવાયના ચાર કે તેથી વધુ માણસોએ એકત્ર થવુ અથવા ભેગા થવુ નહી. સુત્રો પોકારવા નહી કે સરઘસ અથવા રેલી કાઢવી નહી, પરીક્ષા સ્થળોની આસપાસ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહી, પથ્થર કે અન્ય આ પ્રકારના પદાર્થ લઈ જવા નહી તેમજ પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટર ત્રિજ્યામાં ઝેરોક્ષ મશીન તથા સ્કેનીંગની સુવિધા ધરાવતા કેન્દ્રો ચાલુ રાખવા નહી.

અપવાદ :-

આ જાહેરનામું નીચેના અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

(૧) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અને પરીક્ષા સમિતિના અધિકારીશ્રીઓ તથા પરીક્ષા કામગીરીમાં તેમજ બંદોબસ્તમાં રોકાયેલ સ્ટાફના માણસો.

(૨) સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી પાટણ/સિધ્ધપુર/રાધનપુર/સમી તથા એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રી તમામ જિ.પાટણ

(૩) ફલાઈંગ સ્કવોર્ડના તમામ અધિકારીશ્રી

સદરહું આદેશનો ભંગ કરી કોઈ વ્યક્તિ પાસેથી મોબાઈલ/સેલ્યુલર ફોન / પેજર / કોર્ડલેસ ફોન / સ્માર્ટ વોચ/ ટેબલેટ જેવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો મળી આવશે તો સ્થળ ઉપરના સુરક્ષા અધિકારી આ સાધનો જમ્મ કરી શકશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગ રીતે હુકમની બજવણી કરવી / કરાવવી શકય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

બિડાણ :- પરીક્ષા કેન્દ્રોની યાદી

જાહેરનામા ક્રમાંક:એમએજી(૧)/વશી/૪૦૨૬ થી ૪૦૮૯/૨૦૨૬ સાથેનુ પરિશિષ્ટ (પરિક્ષા કેંદ્રોની યાદી)

ક્રમ	પરિક્ષા કેન્દ્ર(શાળા/કોલેજ નું નામ)	પરિક્ષા કેન્દ્રનું સરનામું
૧	શ્રી બી.ડી. સાર્વજનિક વિદ્યાલય, પાટણ	ફાટીપાળ દરવાજા બહાર, પાટણ
૨	પી.પી.જી. એક્ષપેરીમેન્ટલ હાઈસ્કૂલ, પાટણ	કોલેજ કેમ્પસ, રાજમહેલ રોડ, પાટણ
૩	શેઠ બી.એમ. હાઈસ્કૂલ, પાટણ	ગુંગડી રોડ, પ્રગતિ મેદાન, પાટણ
૪	કે.વી.પટેલ મેમોરીયલ હાઈસ્કૂલ, પાટણ	ચાણસ્મા રોડ, પાટણ
૫	સરકારી કે.કે. ગર્લ્સ હાઈસ્કૂલ, પાટણ	ભદ્ર, દત્ત મંદિર પાસે, પાટણ
૬	આદર્શ વિદ્યાલય યુનિટ-૧, પાટણ	કોલેજ રોડ, બસસ્ટેન્ડ રોડ, પાટણ
૭	આદર્શ વિદ્યાલય યુનિટ-૨, પાટણ	કોલેજ રોડ, બસસ્ટેન્ડ રોડ, પાટણ
૮	શેઠ એમ.એન.હાઈસ્કૂલ, યુનિટ-૧, પાટણ	કાલિકા મંદિર પાસે, પાટણ
૯	શેઠ વી.કે.ભુલા હાઈસ્કૂલ, પાટણ	રેલ્વે સ્ટેશન પાસે, પાટણ
૧૦	નૂતન વિનયમંદિર હાઈસ્કૂલ, પાટણ	ગોળ શેરી રોડ, પાટણ

આજ રોજ તા.૨૩/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હિરેન ચૌહાણ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.24 15:50:25 IST